



# કુંડળીમાં નવ ગ્રહો નબળા થવાથી કઈ ગંભીર બીમારી થાય છે?

## નવ ગ્રહોની શાંતિ માટે જ્યોતિષ ઉપાય

જ્યોતિષ શાસ્ત્રમાં 'દશા' ખરાબ હોવાથી વ્યક્તિને કેટલીયે બીમારીઓ સામે લડવું પડે છે. ઝઝૂમવું પડે છે. દરેક ગ્રહ સાથે કોઈ ને કોઈ બીમારી જોડાયેલી હોય છે, જે વ્યક્તિના ગ્રહોની દશા બગડયાનો સંકેત આપે છે. જેમ કે, કુંડળીમાં ગ્રહોનો રાજા સૂર્યની દશા ખરાબ હોવાથી વ્યક્તિને આંખ, કાન અને મગજથી સંકળાયેલી બીમારીઓ થઈ જાય છે. આવો, વિસ્તારથી જાણીએ કે, નવ ગ્રહથી બીમારીઓ અને ગ્રહને શાંત કરવાના વિશેષ જ્યોતિષ ઉપાય. જ્યોતિષ શાસ્ત્ર અનુસાર નવ ગ્રહની આપણા જીવન પર ઊંડી અસર થાય છે. આપણો સ્વભાવ- સુખ-દુઃખ અને જીવનમાં થતી ઘટનાઓ પણ ગ્રહો અનુસાર જ થાય છે.તમે જોયું હશે કે, કેટલીયે વાર બહુ જ મહેનત કરવા છતાં પણ લોકોને સફળતા મળતી નથી. જ્યારે બીજી તરફ કેટલાં લોકો એવાં પણ હોય છે, જે એટલાં ભાગ્યશાળી હોય છે- જે ઘણી ઓછી મહેનતમાં પણ સફળતાની સીડીઓ ચઢી જાય છે! ગ્રહોનો તેની સાથે પણ સંબંધ હોય છે. જેમ કે, કુંડળીમાં ગ્રહોની દશા ખરાબ હોવાથી વ્યક્તિ ફક્ત સમસ્યાઓ સામે લડે છે એવું નથી... પરંતુ ગંભીર બીમારીઓ પણ થઈ શકે છે!

આવો... જાણીએ કે, કુંડળીમાં કયા ગ્રહોના ખરાબ થવાથી ગંભીર



**સમસ્યા અને સમાધાન**

**વાય.જે.ટી.**

બીમારીઓનો ખતરો વધે છે.

**સૂર્ય ગ્રહની નકારાત્મક દશાથી થતી બીમારીઓ**

કુંડળીમાં સૂર્ય ગ્રહ કોપાયમાન થવાથી વ્યક્તિને માથું અને મગજ, હૃદય, નેત્ર (આંખ), કાન, રોગ તેમ જ હાડકાં ભાંગવાં જેવી બીમારી થઈ શકે છે. કુંડળીમાં સૂર્યને મજબૂત કરવા માટે રોજ સૂર્યદેવનાં દર્શન કરવાં જોઈએ. રવિવારે સૂર્ય સ્તોત્રના પાઠ કરવા.

**ચંદ્ર ગ્રહની નકારાત્મક દશાથી થતી બીમારીઓ**

કુંડળીમાં ચંદ્ર ગ્રહના ખરાબ પ્રભાવના કારણે માનસિક રોગ, ઊંઘ ન આવવી, ઊંઘ વારે ઘડીએ તૂટી જવી, પાણીથી ભય અને ઉન્માદ, ડિપ્રેશન જેવા રોગ થાય છે. કુંડળીમાં ચંદ્રને શાંત રાખવા માટે સોમવારે શિવજીની પૂજા કરવી જોઈએ. સાથે જ સોમવારે ચોખા, દૂધ, દહીં, મિશ્રી, સાકર, ચાંદી, મોતી વગેરે સફેદ ચીજોનું દાન કરવું જોઈએ.

**મંગળ ગ્રહની નકારાત્મક દશાથી થતી બીમારીઓ**

કુંડળીમાં મંગળ ગ્રહ કોપાયમાન થવાથી પિત્તવિકાર, ચામડીના રોગ, ટાઈફોઈડ અને એપેન્ડિક્સ જેવા રોગ થવા લાગે છે. મંગળને શાંત રાખવા માટે મંગળવારનું વ્રત-ઉપવાસ રાખવો અને હનુમાન ચાલીસાનો પાઠ કરવો. સાથે જ મંગળવારે મસૂરની દાળ કોઈ જરૂરિયાતવાળી વ્યક્તિને દાન કરવી.

**બુધ ગ્રહની નકારાત્મક દશાથી થતી બીમારીઓ**

કુંડળીમાં ગુરુ ગ્રહ કોપાયમાન થવાથી કમર અને સાંધાના દર્દ, શરીર સૂઝી જવું, કબજિયાત વગેરે રોગ થાય છે. ગુરુને શાંત રાખવા માટે ગુરુવારનો ઉપવાસ કરવો. સાથે જ ભગવાન વિષ્ણુની પૂજા કરવી. ગુરુવારના દિવસે પીળા રંગનાં ફળ, ચણા, ગોળ અને ચણાની દાળનું દાન કરવું. રિયલ શિલોની પોખરાજ પહેરવો.

**શુક્ર ગ્રહની નકારાત્મક દશામાં થતી બીમારીઓ**

કુંડળીમાં શુક્ર ગ્રહ પ્રભાવ બતાવે ત્યારે વ્યક્તિને વાયુ અને કફ રોગ થવાની સાથે-સાથે શરીરની અંદરના હિસ્સામાં રોગ થતા રહે છે. શુક્રને શાંત રાખવા માટે શુક્રવારે દહીં, ખીર, જુવાર, અત્તર, રંગબેરંગીનાં કપડાં, ચાંદી, ચોખા વગેરે દાન કરવું.

**શનિ ગ્રહની નકારાત્મક દશામાં થતી બીમારીઓ**

કુંડળીમાં શનિ ગ્રહના પ્રભાવ થવાથી વાયુ તેમ જ કફ રોગ, કેન્સર, શ્વાસના રોગો વગેરે ગંભીર રોગ થાય છે. શનિ ગ્રહને શાંત કરવા માટે શનિવારે શનિ મંદિરમાં જઈને તેમને સરસવનું તેલ અર્પણ કરવું. સાથે જ શનિવારે હનુમાન ચાલીસાનો પાઠ કરવો.

> **ક્યા ગ્રહથી ક્યો રોગ જોડાયેલો છે. જ્યોતિષ શાસ્ત્ર અનુસાર નવ ગ્રહની આપણા જીવન પર ઘણી ઊંડી અસર થાય છે! કુંડળીમાં ગ્રહોની દશા ખરાબ હોવાથી વ્યક્તિ ફક્ત સમસ્યાઓ સામે જ લડે છે તેવું નથી... પરંતુ ગંભીર બીમારી પણ થઈ શકે છે!**

**રાહુ ગ્રહની નકારાત્મક દશાથી થતી બીમારીઓ**

કુંડળીમાં રાહુ ગ્રહ કોપાયમાન થાય ત્યારે વ્યક્તિને સંક્રામક રોગ, હૃદયરોગ, ઝેરી રોગ અને હાથ અને પગમાં દર્દ જેવી બીમારીઓ થાય છે. રાહુને શાંત કરવા માટે રાહુનો બીજ મંત્ર 'ઓમ રાં રાહવે નમઃ' અથવા વૈદિક મંત્રનો જાપ કરવો.

**કેતુ ગ્રહની નકારાત્મક દશામાં થતી બીમારીઓ**

કુંડળીમાં કેતુ ગ્રહ કોપાયમાન થવાથી વ્યક્તિને ચામડી રોગ, પાચન સંબંધી રોગ થાય છે. કુંડળીમાં કેતુને શાંત રાખવા માટે કૂતરાને રોટલી ખવડાવવી. સાથે જ ભૈરવજીની પૂજા કરવી અને કેળાનાં પાંદડાં પર ચોખાનું નૈવેદ્ય ધરાવવું.

એક સચોટ ઉપાય છે. રિયલ રત્ન ધારણ કરવાં. રાજાઓ પહેલેથી જ રત્નોની વીંટી પહેરતાં. જિંદગીમાં આર્થિક, શારીરિક, માનસિક તકલીફ જોવા મળતી ન હતી.. તેથી તેઓ રાજાના દરબારનું ટેન્શન વગર તેમ જ બુદ્ધિપૂર્વક સરસ અને જુસ્સાથી સંચાલન કરતા હતા.

---




# 700 શ્લોકોનો આખો તાંત્રિક દુર્ગા સપ્તશતી-ચંડીપાઠ કરવાથી તમામ મનોકામનાઓ પૂર્ણ થાય છે

> **મારણ, મોહન, ઉચ્ચાટન, સ્તંભન, વશીકરણ તેમ જ વિદ્વેષણનો આ ચંડીપાઠ કરવાથી જીવનના તમામ પ્રશ્નો સફળતાથી હલ થઈ જાય છે**

દેવીની ઉપાસના માટે 'દુર્ગા સપ્તશતી' (ચંડીપાઠ) ને સર્વશ્રેષ્ઠ ગ્રંથ માનવામાં આવ્યો છે. તેમાં દેવીની ઉપાસનાના સાતસો શ્લોક આપવામાં આવ્યા છે. આ સાતસો શ્લોક ત્રણ ભાગોમાં વહેંચવામાં આવ્યા છેઃ પ્રથમ ચરિત્રમાં ફક્ત પહેલો અધ્યાય, મધ્યમ ચરિત્રમાં બીજો, ત્રીજો, ચોથો અને શેષ (બાકીના) બધા અધ્યાય 'ઉત્તમ ચરિત્ર'માં રાખવામાં આવ્યા છે. આ સાતસો શ્લોકોમાં મારણ, મોહન, ઉચ્ચાટનના અને સ્તંભન અને વશીકરણ તેમ જ વિદ્વેષણના શ્લોક આપ્યા છે. દુર્ગા સપ્તશતીના દરેક અધ્યાયનો પાઠ કરવાથી અલગ-અલગ ફળ પ્રાપ્ત થાય છે. આવો, વિસ્તારથી જાણીએ કે, ક્યા અધ્યાયનો પાઠ કરવાથી ક્યું ફળ મળે છે?

**પ્રથમ અધ્યાયઃ**

(1) તેનો પાઠ કરવાથી બધી ચિંતાઓ દૂર થાય છે. (2) તેનાથી શત્રુ ભય દૂર થાય છે અને શત્રુઓનું નડતર દૂર થાય છે.

**બીજો અને ત્રીજો અધ્યાય**

(1) તેના પાઠથી કેસમાં સફળતા મળે છે.
(2) સાથે ખોટા આરોપોમાંથી પણ મુક્તિ મળી શકે છે.

**ચોથો અધ્યાય**

(1) તેના પાઠથી સારા જીવનસાથી મળે છે.
(2) તેનાથી દેવીની ભક્તિ પ્રાપ્ત થાય છે.

**પાંચમો અધ્યાય**

(1) તેના પાઠથી નકારાત્મક ઊર્જાનો નાશ થાય છે.
(2) તેનાથી ભય, ખરાબ સપનાં અને તંત્ર મંત્રનું નડતર દૂર થાય છે.

**છઠ્ઠો અધ્યાય**

(1) તેના પાઠથી મોટાં મોટાં નડતરો-વિઘ્નો દૂર થાય છે.

**સાતમો અધ્યાય**

(1) તેના પાઠથી વિશેષ ગુપ્ત કામનાઓ પૂરી થાય છે.

આઠમો અધ્યાય

(1) તેના પાઠથી વશીકરણની શક્તિ મળે છે.
(2) સાથે સાથે નિયમિત રીતે ધનલાભ મળે છે.

**નવમો અધ્યાય**

(1) તેના પાઠથી સંપત્તિનો લાભ થાય છે.
(2) સાથે જ ખોવાયેલા વ્યક્તિનો પત્તો મળે છે

**દસમો અધ્યાય**

(1) તેના પાઠથી પણ ખોવાયેલા વ્યક્તિની શોધ થાય છે.
(2) અપૂર્વ શક્તિ અને સંતાનસુખ મળે છે.

**અગિયારમો અધ્યાય**

(1) તેના પાઠથી દરેક પ્રકારની ચિંતા દૂર થઈ જાય છે.
(2) તેનાથી વેપારમાં ખૂબ સફળતા પણ મળે છે.

**બારમો અધ્યાય**

(1) તેના પાઠથી રોગોથી છૂટકારો મળે છે.
(2) સાથે જ નામ, યશ અને માન-સન્માનની પ્રાપ્તિ થાય છે.

**તેરમો અધ્યાય**

(1) તેના પાઠથી દેવીની કૃપા અને ભક્તિની પ્રાપ્તિ થાય છે.
(2) સાથે જ વ્યક્તિના દરેક પ્રકારના સંકટમાંથી રક્ષણ થાય છે.

**દુર્ગા સપ્તશતી ચમત્કાર નહીં... એક વરદાન છે... પાઠ કરવાથી શું ચમત્કાર મળે છે?**

દુર્ગા સપ્તશતી એક એવું વરદાન છે... એક એવો પ્રસાદ છે... જે પણ પ્રાણી તેને ગ્રહણ કરી લે છે- તે પ્રાણી ધન્ય થઈ જાય છે. જેમ કે માછલીનું જીવન પાણીમાં હોય છે. જેમ કે એક વૃક્ષનું જીવન તેના બીજમાં હોય છે. એવી જ રીતે માનાં ભક્તો માટે તેમનું જીવન, તેમનો પ્રાણ, દુર્ગા સપ્તશતીમાં સ્થિત થાય છે. તેના દરેક અધ્યાયનો એક ખાસ અને અલગ ઉદ્દેશ બતાવ્યો છે અને આ દેવીની વિભિન્ન શક્તિઓને જાગ્રત કરવા માટે 13 બ્રહ્માસ્ત્ર કહી શકાય છે.

**દુર્ગા સપ્તશતીના પાઠનું મહત્ત્વ**

- માર્કન્ડેય પુરાણમાં વર્ણવેલ ચમત્કારિક દેવી માહાત્મ્યમાં મા દુર્ગાનાં વિભિન્ન સ્વરૂપોનું વર્ણન.
- તેને સ્વયં બ્રહ્માજીએ મનુષ્યોના રક્ષણ માટે ઘણું ગુપ્ત અને પરમ ઉપયોગી મનુષ્યનું કલ્યાણકારી દેવી કવચ બતાવ્યું છે. સ્વયં બ્રહ્મદેવે કહ્યું છે કે, જે મનુષ્ય દુર્ગા સપ્તશતીનો પાઠ કરશે તે પરમ સુખ ભોગવશે.
- તેને દુર્ગા સપ્તશતીને સાત ચંડી, નવ ચંડી અથવા ચંડીપાઠ પણ કહેવામાં આવે છે.
- આ એક જાગૃત તંત્ર વિજ્ઞાન છે. દુર્ગા સપ્તશતી પાઠના શ્લોકોની અસર નિશ્ચિત રીતે થાય છે અને તીવ્ર ગતિથી તેનો પ્રભાવ પડે છે. તેમાં બ્રહ્માંડની તીવ્ર શક્તિઓનું જ્ઞાન છુપાયેલું છે.
- જો મનુષ્ય બરાબર રીતે અને બરાબર વિધિથી વાંચી લે, તો મનુષ્યના જીવનની સમસ્ત પરેશાનીનો અંત ચોક્કસ આવે છે.

**દુર્ગા સપ્તશતી પાઠનું ફળ**

**અધ્યાય-1** -કોઈ પણ પ્રકારની ચિંતા હોય.. કોઈ પણ પ્રકારનો માનસિક વિકાર એટલે કે માનસિક કષ્ટ હોય તો દુર્ગા સપ્તશતીના પ્રથમ અધ્યાયના પાઠથી એ બધા જ માનસિક વિચારો અને ખોટી ચિંતાઓમાંથી મુક્તિ મળે છે. મનુષ્યની ચેતના જાગૃત થાય છે અને વિચારોને સાચી દિશા મળે છે. કોઈ પણ પ્રકારના નેગેટિવ વિચાર તમારા પર હાવી નથી થતા. એટલે દુર્ગા સપ્તશતીના પહેલા અધ્યાયથી તમોને દરેક પ્રકારની માનસિક ચિંતાઓમાંથી મુક્તિ મળે છે.

**અધ્યાય-2** - દુર્ગા સપ્તશતીના બીજા અધ્યાયના પાઠથી 'કેસમાં વિજય મળે છે'. કોઈ પણ પ્રકારનો ઝઘડો હોય, વાદ-વિવાદ હોય... તેમાં શાંતિ આવે છે અને તમારાં માન, સન્માનનું રક્ષણ થાય છે. બીજો પાઠ વિજય માટે હોય છે. પરંતુ તમારો ઉદ્દેશ, તમારી મંશા (ઈચ્છા) સાચી હોવી જોઈએ, ત્યારે જ એ પાઠ ફળ આપે છે. જો તમે જૂઠી ઈચ્છા રાખીને ક્યારેય આ અધ્યાયનો પાઠ કરવા ઈચ્છતા હોય તો મા તમારી મદદ કરે, તો તે તમારી ઘણી મોટી ભૂલ છે.

**અધ્યાય-3**- ત્રીજા અધ્યાયનો પાઠ 'શત્રુઓથી છૂટકારો મેળવવા માટે કરવામાં આવે છે. શત્રુઓનો ભય વ્યક્તિના જીવનમાં ઘણી પીડાકારક હોય છે, કારણ કે 'ભયગ્રસ્ત વ્યક્તિ' પછી તેની પાસે કેટલીયે સુખ-સુવિધાઓમાં રહેતો હોય પરંતુ તે ક્યારેય સુખી રહી શકતો નથી. એટલે આ અધ્યાયનો પાઠ કરવાથી 'આંતરિક' અને 'બહારના' બંને પ્રકારનો ભય નષ્ટ થઈ જાય છે! જો તમારા ગુપ્ત શત્રુ હોય, જેની તમને ખબર પણ ના હોય છતાં તમોને તે સૌથી વધારે નુકસાન પહોંચાડી શકે છે... તો એવા શત્રુઓથી છુટકારો મેળવવા માટે ત્રીજા અધ્યાયનો પાઠ કરવો સર્વોત્તમ હોય છે.

**અધ્યાય-4** - દુર્ગા સપ્તશતીના ચોથા અધ્યાયમાં માની ભક્તિ પ્રાપ્ત કરવા માટે.. તેમની શક્તિ... તેમની ઊર્જાને પ્રાપ્ત કરવા માટે તેમ જ તેમનાં દર્શન માટે સર્વોત્તમ છે. એમ તો આ ગ્રંથમાં દરેક અધ્યાયના દરેક શબ્દમાં માની ઊર્જા રહેલી છે. છતાં પણ માની નિષ્કામ ભક્તિનો અનુભવ કરવા માટે તથા તેમનાં દર્શન માટે આ અધ્યાય સર્વશ્રેષ્ઠ માનવામાં આવે છે.

**અધ્યાય-5** - પાંચમા અધ્યાયના પ્રભાવથી દરેક પ્રકારના ભયનો નાશ થાય છે. પછી તે ભૂત-પ્રેતનું નડતર હોય અથવા ખરાબ સ્વપ્ન પરેશાન કરતાં હોય અથવા વ્યક્તિ દરેક જગ્યાએથી પરેશાન હોય તો પાંચમા અધ્યાયના પાઠથી આ બધી ચીજોમાંથી મુક્તિ મળે છે!

**અધ્યાય-6** - આ અધ્યાયનો પાઠ કોઈ પણ પ્રકારની તંત્ર બાધા (નડતર) હટાવવા માટે કરવામાં આવે છે. આ સિવાય તમોને લાગે છે (અનુભવો છો) કે, તમારા ઉપર જાદુ, ટુચકા કરવામાં આવ્યા હશે... તમારા પરિવારને બાંધી દીધા હોય... અથવા રાહુ અને કેતુથી તમે પીડાતા હો તો- છઠ્ઠા અધ્યાયનો પાઠ આ બધાં કષ્ટોમાંથી તમોને મુક્તિ અપાવે છે.

**અધ્યાય-7** - કોઈ પણ વિશેષ 'મનોકામના પૂરી કરવા માટે' સાતમો અધ્યાય સર્વોત્તમ છે. જો સાચા અને નિર્મળ હૃદયથી માની પૂજા કરવામાં આવે અને સાતમા અધ્યાયનો પાઠ કરવામાં આવે તો તે વ્યક્તિની મનોકામના અવશ્ય પૂરી થાય છે.

**અધ્યાય-8** - જો તમારા કોઈ પ્રિય તમારાથી છૂટા પડી ગયા હોય.. કોઈ ખોવાઈ ગયા હોય.. અને તમે તેને શોધી-શોધીને થાકી ગયા હો તો આઠમા અધ્યાયનો પાઠ ચમત્કારિક ફળ આપે છે.

ખોવાઈ ગયેલા... અલગ પડી ગયેલા... લોકોને મળવા માટે... આ સિવાય વશીકરણ માટે પણ આ અધ્યાયનો પાઠ કરવામાં આવે છે. પરંતુ વશીકરણ બરાબર વ્યક્તિ માટે કરવામાં આવે છે. સાચી મંશા (ઈચ્છા) ની સાથે કરવામાં આવે તો તેમાં ખૂબ જ ધ્યાન રાખવું આવશ્યક છે. નહીં તો ફાયદાની જગ્યાએ નુકસાન થઈ શકે છે. આ સિવાય ધનલાભ માટે, ધનપ્રાપ્તિ માટે પણ આઠમા અધ્યાયનો પાઠ ખૂબ જ શુભ માનવામાં આવે છે.

**અધ્યાય-9** - નવમા અધ્યાયનો પાઠ 'સંતાન માટે' કરવામાં આવે છે. 'પુત્રપ્રાપ્તિ માટે'... અથવા 'સંતાન સંબંધિત' કોઈ પણ પરેશાનીના નિવારણ માટે દુર્ગા સપ્તશતીના નવમા અધ્યાયનો પાઠ કરવામાં આવે છે. આ સિવાય 'સંતાનની ઉન્નતિ-પ્રગતિ માટે' તથા 'કોઈ પણ પ્રકારની ખોવાયેલી અમૂલ્ય વસ્તુની પ્રાપ્તિ માટે' પણ નવમા અધ્યાયનો પાઠ કરવો ઉત્તમ હોય છે. તે તમારી દરેક મનોકામનાઓ પૂર્ણ કરવામાં સહાયક- મદદરૂપ થાય છે.

**અધ્યાય-10** - જો 'સંતાન ખોટા રસ્તા પર જતું રહ્યું હોય' તો એવાં ભટકેલાં સંતાનને સાચા રસ્તા પર લાવવા માટે દસમો અધ્યાય સર્વશ્રેષ્ઠ છે. સારા અને યોગ્ય પુત્રની કામના સાથે જો દસમા અધ્યાયનો પાઠ કરવામાં આવે તો યોગ્ય સંતાનની પ્રાપ્તિ થાય છે અને પ્રાપ્ત સંતાન સાચા રસ્તા પર ચાલે છે.

**અધ્યાય-11** - જો તમારા વેપારમાં નુકસાન થતું હોય .... પૈસા જવાનું રોકાતું જ ના હોય.. કોઈ પણ પ્રકારે ધન (રૂપિયા)નું નુકસાન થતું હોય- તો આ અધ્યાયનો પાઠ કરવો જોઈએ. તેના પ્રભાવથી તમારો કારણ વગરનો ખર્ચ બંધ થઈ જાય છે અને ઘરમાં સુખ-શાંતિનો વાસ રહે છે.

અધ્યાય-12 - આ અધ્યાયનો પાઠ કરવાથી વ્યક્તિને માન-સન્માનની પ્રાપ્તિ થાય છે. તે સિવાય 'જે વ્યક્તિ પર ખોટો દોષારોપણ કરવામાં આવે છે.'... તેનાથી તેમના સન્માનનું નુકસાન થાય છે- તો આવી સ્થિતિમાં બચવા માટે દુર્ગા સપ્તશતીના બારમા અધ્યાયનો પાઠ કરવો જોઈએ.'રોગોમાંથી મુક્તિ માટે' પણ બારમા અધ્યાયનો પાઠ કરવો અસીમ-ખૂબ જ લાભદાયક છે. કોઈ પણ એવો રોગ હોય, જેનાથી તમે બહુ વર્ષોથી દુઃખી રહેતા હો અને ડોક્ટરની દવાઓની કોઈ અસર થતી ના હોય તો બારમા અધ્યાયનો પાઠ અવશ્ય કરવો જોઈએ.

**અધ્યાય-13** - તેરમા અધ્યાયનો પાઠ- મા ભગવતીની ભક્તિ આપે છે. કોઈ પણ સાધના કર્યા બાદ માની પૂર્ણ ભક્તિ માટે આ અધ્યાયનો પાઠ અતિ મહત્ત્વપૂર્ણ છે.

કોઈ વિશેષ 'મનોકામનાઓને પૂર્ણ કરવા' માટે... કોઈ પણ ઈચ્છિત વસ્તુની પ્રાપ્તિ માટે... આ અધ્યાયનો પાઠ કરવો અત્યંત પ્રભાવશાળી માનવામાં આવે છે.

> **જીવનની દરેક પ્રકારની સમસ્યાનું સમાધાન ઉપર બતાવેલ 'દુર્ગા સપ્તશતી' અથવા 'ચંડી પાઠ'માં જણાવ્યું છે. ચૈત્ર નવરાત્રિ હાલ ચાલુ જ છે તો તમારી જટિલ સમસ્યા કેમ ના હોય પરંતુ શ્રદ્ધાથી માતાજીનો પાઠ કરો તો તેનો જીવનમાં અવશ્ય ચમત્કાર જોવા મળશે. અનુભવ કરવા મળશે અથવા કોઈ જાણકાર, વિદ્વાન, પંડિત હોય જે શાસ્ત્રોક્ત દુર્ગા સપ્તશતીનો પાઠ- સંકલ્પ, ન્યાસ વગેરે પદ્ધતિસર કરી શકે તેવા બ્રાહ્મણને બોલાવીને ઘરે કરાવી શકાય.**

---

# 29 માર્ચથી શરૂ થયેલો 'પિશાચ યોગ': આવનારા 50 દિવસમાં શું આખી દુનિયા હલાવી દેશે?

**કાળચક્ર**

**યજ્ઞાનંદ**

જ્યોતિષમાં પિશાચ યોગને એક ખતરનાક અશુભ યોગ તરીકે બતાવ્યો છે. જ્યોતિષ શાસ્ત્ર અનુસાર જ્યારે 'શનિ' અને 'રાહુ' ગ્રહ એક જ ઘરમાં હોય છે ત્યારે પિશાચયોગ બને છે. આ સિવાય કેટલીક વધુ સ્થિતિઓ પણ પિશાચ યોગમાં બને છે.

જેમકે, જ્યારે કોઇ વ્યકિતની કુંડળીમાં પહેલા ભાવમાં 'રાહુ' અને 'ચંદ્ર', પાંચમા ભાવમાં 'શનિ' અને નવમા ભાવમાં 'મંગળ' બેઠેલા હોય તો આ સ્થિતિઓમાં પણ પિશાચ યોગ બને છે.

- જ્યારે ચંદ્ર પર રાહુ અને શનિની દૃષ્ટિ હોય. - મંગળ, રાહુ અને શનિની યુતિ એક સાથે હોય.- ચંદ્ર, કેતુ અને શનિ-એક જ સ્થાનમાં હોય. - કુંડળીમાં રાહુ અને કેતુનો સંબંધ બીજા અથવા ચોથા ભાવ સાથે હોય.આ વર્ષે 29 માર્ચ 2025થી આ યોગ બન્યો છે. રાહુ, શનિ અને સૂર્યના વિશેષ સંયોગથી આ યોગ પ્રભાવિત થશે, જે મીન રાશિમાં થયો છે. આ યોગના પ્રભાવ લગભગ 50 દિવસ સુધી રહેશે. જોવામાં આવ્યું છે કે, જ્યારે જ્યારે આ પ્રકારની સ્થિતિ થઇ છે ત્યારે પહેલાં પણ દેશ-દુનિયામાં કેટલીક મોટી ઘટનાઓ જોવા મળી છે. આ યોગ દરમિયાન પહેલાં કઇ ઘટનાઓ બની તે જાણી લઇએઃ-

**ઇતિહાસમાં પિશાચ યોગ અને તેનો પ્રભાવ**

1. 1930-1931 (મહામંદી અને વિશ્વ યુદ્ધનો સંકેત) - પિશાચ યોગ દરમિયાન આર્થિક મંદી ચરમસીમા પર હતી. - શેર બજાર ધ્વસ્ત-થયું, જેનાથી વૈશ્વિક આર્થિક સંકટ ઊભું થયું. - યુદ્ધ અને રાજકીય અસ્થિરતાની શરૂઆત થઇ, જેણે બીજા વિશ્વ યુદ્ધનો આધાર તૈયાર કર્યો.

2. 1986-1987 (વૈશ્વિક આર્થિક સંકટ અને આતંકવાદી ઘટના) - દુનિયાનાં કેટલાંયે શેર બજારોમાં ભારે ઘટાડો જોવામાં આવ્યો. - રાજકીય વિદ્રોહ અને અસ્થિરતાનો સમય શરૂ થયો. - ચેરનોબિલ પરમાણુ દુર્ઘટના (26 એપ્રિલ 1986) આ દરમિયાન થઇ... જ્યારે પિશાચ યોગ મીન રાશિમાં હતો.) - આ સમયે રાહુ અને શનિની યુતિની સાથે મંગળ વક્રી હતો, જેનાથી પરમાણુ આપદા થઇ.

3. 2008-2009 (વૈશ્વિક આર્થિક સંકટ અને રાજકીય બદલાવ) - અમેરિકામાં સબપ્રાઇમ ક્રાઈસિસ થઇ, જેનાથી વૈશ્વિક મંદી આવી. - કેટલીયે સરકારોનું પતન થયું અને આર્થિક નીતિમાં બદલાવ આવ્યો. - બેરોજગારી, મોંઘવારી અને અસ્થિરતામાં વધારો થયો.

> **જ્યોતિષમાં પિશાચ યોગને એક ખતરનાક અશુભ યોગ તરીકે બતાવ્યો છે. વર્ષ 2025માં સર્જાયેલો આ પિશાચ યોગ એક દુર્લભ જ્યોતિષીય ઘટના છે! જેનાથી વૈશ્વિક સ્તર પર આર્થિક અસ્થિરતા, વ્યાપારિક સંકટ અને રાજકીય ઊથલપાથલનો સંકેત આપે છે!**

**2025માં સંભવિત વૈશ્વિક પ્રભાવ**

**શેરબજાર અને બેન્કિંગ સંકટ**

- રાહુ અને શનિની યુતિથી વૈશ્વિક નાણાંકીય સંસ્થાઓ પર દબાણ વધશે. - અમેરિકા, યુરોપ અને એશિયાનાં શેર બજારોમાં અસ્થિરતા વધશે. યુદ્ધ અને વિદ્રોહની સંભાવના - રુસ-યુક્રેન અને મધ્ય પૂર્વમાં સંઘર્ષ વધી શકે છે. - એશિયાઇ દેશોમાં રાજકીય અસ્થિરતા આવી શકે છે.

**ખાદ્ય સંકટ**

- ખાદ્યાન્ન અને ઊર્જા સ્રોતોની કિંમતમાં ભારે વધારો થશે. - વૈશ્વિક સ્તર પર આર્થિક દબાવ વધશે.

**જલવાયુ અને કુદરતી આપત્તિઓ**

- ભૂકંપ, જ્વાળામુખી વિસ્ફોટ અને સુનામી જેવી ઘટનાઓની શકયતાઓ વધી શકે છે. - ગ્લોબલ વોર્મિંગથી જલવાયુ પરિવર્તન વધારે ચરમ પર જઇ શકે છે. સમુદ્રમાં થોડીક મોટી હલચલ જોવા મળી શકે છે, કારણ કે મીન રાશિ એક જળતત્ત્વની રાશિ છે.

**ગ્રહોની સ્થિતિ અને પિશાચ યોગનો સમયગાળો**

પિશાચ યોગની અવધિઃ 29 માર્ચ 2025થી 18 મે 2025 સુધી રહેશે. આ દરમિયાન સૌથી વધારે પ્રભાવ રહેશે. 'પિશાચ યોગ'નો કયા પ્રકારનો પ્રભાવ જોવા મળી શકે છે તે જાણીએ.

**વૈશ્વિક આર્થિક પ્રભાવ**

- શેરબજારમાં ભારે નીચે જવાનો સંકેત - રાહુ અને શનિની યુતિ અસ્થિરતા તેમજ અનિશ્ચિતતાને જન્મ આપશે. - રોકાણકારોને ભારે નુકસાન થઇ શકે છે. - ડોલર, યુરો અને ભારતીય રૂપિયામાં અસ્થિરતા વધી શકે છે.

**તેલ અને ઊર્જા સંકટ**

- શનિ- રાહુના સંયોગથી કાચા તેલની કિંમતમાં વૃદ્ધિ થશે. - રુહ, મધ્ય પૂર્વ અને અમેરિકામાં ઊર્જા સંકટ વધી શકે છે.

**ફુગાવામાં વૃદ્ધિ**

- ખાદ્ય પદાર્થો, ધાતુઓ અને અન્ય આવશ્યક વસ્તુઓની કિંમત વધી શકે છે.- આમ જનતા પર આર્થિક દબાણ વધશે.

**ટેક્નોલોજી અને આઇટી સેક્ટર પર અસર**

- રાહુનો પ્રભાવ ડિજિટલ ડેટામાં હેકિંગ અને સાઇબર ક્રાઇમ વધી શકે છે. - મોટી ટેક કંપનીઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડશે.

**બેન્કિંગ અને નાણાંકીય સંકટ**

- બેન્કોમાં ગોટાળા, ધોખાધડી અને નાણાંકીય અનિયમિતતાઓનાં જોખમો વધી શકે છે. - ક્રિપ્ટો કરંસી અને ડિજિટલ પેમેન્ટ સેકટરમાં ઉતાર-ચઢાવ રહેશે.

'પિશાચ યોગ'નો પ્રભાવ 12 રાશિઓ પર પણ જોવા મળશે. જ્યોતિષ અનુસાર જ્યારે ગ્રહોની ચાલથી કોઇ શુભ-અશુભ યોગ બને છે તો તેનો પ્રભાવ દેશ-દુનિયાની સાથે રાશિઓ પર પણ પડે છે.

**29 માર્ચથી રચાયેલા આ યોગની તમારી રાશિ પર શું અસર થશે તે જાણીએ.**

મેષઃ રોકાણમાં નુકસાન, કેરિયરમાં બદલાવ. વૃષભઃ વ્યાપારમાં અસ્થિરતા, સંપત્તિવિવાદ. મિથુનઃ વિદેશી સંબંધોમાં મુશ્કેલીઓ, આરોગ્ય સમસ્યાઓ. કર્કઃ કૌટુંબિક તણાવ, કેરિયરમાં મુશ્કેલી. સિંહઃ ધન હાનિ, સરકાર સંકળાયેલાં કાર્યોમાં અવરોધ. કન્યાઃ માનસિક તણાવ, સંબંધોમાં તિરાડ. તુલાઃ ભાગ્યમાં ઉતાર-ચઢાવ, ધનનું નુકસાન. વૃશ્ચિકઃ અચાનક ધનલાભ, પરંતુ આરોગ્ય ચિંતા. ધનઃ લાંબી યાત્રાનો યોગ, કાનૂની વિવાદ. મકરઃ સરકારી લાભ, પરંતુ શત્રુ પક્ષ મજબૂત. કુંભઃ કેરિયરમાં બદલાવ, વિદેશમાં સફળતા. મીનઃ ખર્ચ વધશે, પરંતુ આર્થિક લાભ પણ થશે.

**વેદ, પુરાણ અને જ્યોતિષ ગ્રંથઃ**

**પિશાચ યોગ પર શું કહે છે?**

બૃહદ સંકિત (વરાહમિહિર)

રાહુ યુકતે શનિ ભૌમે, દોષં કુર્યદ ભયં મહત્.
અર્થનાશં જનયેત્, રાષ્ટ્રે ચ વ્યાધિ સંકટમ્.

(રાહુ, શનિ અને મંગળનો સંયોગ મોટું આર્થિક સંકટ અને મહામારી લાવી શકે છે.)

મહાભારત અને ભવિષ્ય પુરાણ

યદા રાહુઃ શનૈશ્ચ સંયોગં લભતે,
તદા ભૂમૌ મહા સંકટં ભવતિ.

(જ્યારે રાહુ અને શનિ સંયોગ કરે છે, ત્યારે પૃથ્વી પર મોટી ઊથલપાથલ થાય છે.)

**સમાધાન અને ઉપાય**

- રાહુ-શનિના ખરાબ પ્રભાવથી બચવા માટે 'હનુમાન ચાલીસા'નો પાઠ કરવો. - દરરોજ મહામૃત્યુંજય મંત્ર જપ કરવા. - કાળા તલ અને સરસવના તેલનું દાન કરવું. - રાહુ અને શનિ સંબંધિત ગ્રહોની શાંતિ માટે નીલમ અને ગોમેદ રત્ન ધારણ કરવું. - શિવલિંગ પર જળ ચઢાવવું અને મહામૃત્યુંજય મંત્રનો જાપ કરવો.

2025નો પિશાચ યોગ વૈશ્વિક સ્તર પર આર્થિક સંકટ, વ્યાપારિક મંદી, યુદ્ધ અને રાજકીય અસ્થિરતાને જન્મ આપી શકે છે. ખાસ કરીને તેલ, નાણાંકીય, બેન્કિંગ અને કૃષિ ક્ષેત્રો પર તેનો ઊંડો પ્રભાવ પડશે. આવામાં સતર્ક રહેવા અને ઉચિત જ્યોતિષીય ઉપાયથી પિશાચ યોગના અશુભ પ્રભાવોમાંથી બચી શકાય છે.